પત્રિકા ૧૪૭

# ચિરાગે હિદાયત

૨૩/૦૨/૧૮ ૬ જ.સાની

## આ અઠવાડિયાની મુનાસેબત

૭ જ.સાની – શહાદતે જનાબે ઝયનબ(સ.અ.)

## જનાબે ઝયનબ(સ.અ.)

ઈસ્લામી ઈતિહાસ પર ધ્યાનપૂર્વક નજર કરવામાં આવે તો માલૂમ થશે કે કરબલાના બનાવ પહેલાનો ઈતિહાસ એ ઈસ્લામ નાઝીલ થવાનો અને ઈસ્લામના સંદેશાઓને પહોંચાડવાનો ઈતિહાસ છે અને કરબલા તથા કરબલા પછીનો ઈતિહાસ ઈસ્લામની બકાનો ઈતિહાસ છે. ઈસ્લામની શરૂઆતથી જ ઈસ્લામના દુશ્મનો હંમેશા તેને મિટાવવાની કોશિશો કરતા, પણ કરબલાનો બનાવ જ ઈસ્લામના ઈતિહાસનો એક એવો બનાવ છે જેણે ઈસ્લામના દુશ્મનોના ચહેરાઓ પરથી નકાબ હટાવી દીધો. આ એક ઈલાહી મિશન હતું કે જેને એહલેબૈત(અ.મુ.સ.)ની અઝીમ કુરબાનીએ પાર પાડ્યું અને તાકયામત સુધી ઈસ્લામને બચાવવાળા કોણ લોકો છે અને મિટાવવાળા કોણ લોકો છો તેનું એલાન કરી દીધું.

આ મિશનને પહેલેથી છેલ્લે સુધી કામયાબ બનાવનાર અઝીમ શખ્શિયતોમાંથી એક જનાબે ઝયનબ(સ.અ.) છે જેઓ હઝરત અલી(અ.સ.) અને જનાબે ફાતેમા(સ.અ.)ની દુખ્તર છે. જનાબે ઝયનબ(સ.અ.)ની પરવરીશ પાંચ માઅસૂમોએ કરી અને તેમની તાલીમ એવી હસ્તીઓ થકી થઈ જેઓ આયતે તત્હીરના મીસ્દાક હતા. આવી બાઅઝમત ખાતુનની જિંદગી ઉપર નજર કરવામાં આવે તો માલૂમ થાય છે કે આપ(સ.અ.)ની જિંદગીની દરેક પળોમાં દીને ઈસ્લામ માટે કંઈને કંઈ યોગદાન જરૂર છે.

આપ(સ.અ.) માત્ર પાંચ વર્ષના હતા કે નાના હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની શહાદત થઈ અને આટલી નાની વયમાં જ આપે માતાનો સાયો પણ ગુમાવ્યો. બાબા હઝરત અલી(અ.સ.), ભાઈ ઈમામ હસન અને ઈમામ હુસૈન(અ.મ.સ.)ની એકલતાને દૂર કરતા અને દિલાસો આપતા. અહીં સુધી કે બાબા હઝરત અલી(અ.સ.)ની શહાદત અને ભાઈ હસન(અ.સ.)ના જીગરના ટુકડા ઉપર પણ આપે સબ્ર કરી. આવી સાબેરા બીબીએ આ બધા સમયગાળા દરમ્યાન દીન માટે જબરદસ્ત ઐતિહાસીક કામગીરીઓ અદા કરી.

આપ(સ.અ.) કુફાની સ્ત્રીઓને કુરઆનના પાઠો શીખવાડતા અને તફસીર બયાન કરતા. તેથી કુફામાં જનાબે ઝયનબ(સ.અ.)ના જીવન ચરિત્રનું એક એવું પાસુ ઉપસી આવ્યું જે સ્ત્રી શિક્ષણ તરફ ઈસ્લામી સમાજનું દીશા સૂચન કરે છે. સ્ત્રીઓ કેવી રીતે પોતાના જીવનને પાકો-પાકીઝા બનાવી શકે છે અને ઈસ્લામની દિકરીઓ પાસેથી શરીઅત શું ઈચ્છે છે વિગેરેનો પદાર્થ પાઠ ઉપસી આવે છે. આપ(અ.સ.)ના ખુત્બાઓ અને વાકછટાની ચર્ચા જગ જાહેર બની.

* ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)એ જનાબે ઝયનબ(સ.અ.)ને ફરમાવ્યું **‘‘તમે અલ્લાહ તઆલાના વખાણ કરવાવાળા છો. આપે કોઈ શિક્ષક વગર શિક્ષણ હાંસીલ કર્યું છે. આપ ‘આલેમતો ગૈરે મોઅલ્લેમા’ છો.’’**

ઈમામ(અ.સ.)એ જે લકબોથી નવાજયા છે તેનાથી જનાબે ઝયનબ(સ.અ.)ની અઝમત અને જલાલત ખૂબ સારી રીતે સ્પષ્ટ થાય છે અને એ પણ સ્પષ્ટ થાય છે કે આપ(સ.અ.) વહીના ઝરણાથી સૈરાબ થયેલ છે અને આપ(સ.અ.)નું ઈલ્મ બશરી ઈલ્મથી ઉચ્ચ છે, આપ(સ.અ.) વિલાયતના મકતબના તરબીય્યત યાફતા હતા. આપ(સ.અ.)નું દિલ ઈલ્મ અને માઅરેફતના નુરથી મુનવ્વર હતું.

જનાબે ઝયનબ(સ.અ.) એટલે કરબલાથી મદીના સુધી દીને મોહમ્મદીને હંમેશની જિંદગી આપવાવાળા, ઈમામ હુસૈન(સ.અ.)ના સહયોગી, ઈમામતના સલાહકાર અને આપ(અ.સ.)ની વસીય્યતના અમાનતદાર હતા. આપ(સ.અ.)એ ઈમામે વકતના ફરમાનને આધીન કરબલાથી કુફા અને શામની મુસીબતો પર સબ્ર કરવામાં જરા પણ પીછે હઠ ન કરી અને હંમેશા ઈમામતની હિફાઝત કરતા. ઉમ્મુલ મસાએબ જનાબે ઝયનબે કુબરા(સ.અ.)એ આટલી સખ્ત મુસીબતો સહન કર્યા પછી પણ ઝબાનથી જરા પણ ફરિયાદ ન કરી. બલ્કે હંમેશા શુક્ર ગુઝાર રહ્યા અને હંમેશા અલ્લાહના વખાણ કરતા. પોતાના ખુત્બાની શરૂઆત પણ હંમેશા અલ્લાહ તઆલાની તારીફથી કરતા.

* એક વખત ઈબ્ને ઝિયાદ(લ.અ.)એ જનાબે ઝયનબ(સ.અ.)ને સંબોધન કરીને કહ્યું ‘‘શુક્ર છે એ ખુદાનો જેણે તમને ઝલીલ કર્યા અને તમારા જૂઠને જાહેર કર્યું.’’

જનાબે ઝયનબ(સ.અ.)એ તેના જવાબમાં ફરમાવ્યું ‘‘હમ્દ છે એ ખુદાની જેણે પોતાના નબી(સ.અ.વ.)ની સાથે અમને ઈઝ્ઝત બક્ષી અને અમને દરેક પ્રકારની નજાસત અને બુરાઈથી

પાક રાખ્યા. ઝલીલ તો ફાસિક થાય છે અને જૂઠ ફાજિર બોલે છે. અલ હમ્દો લિલ્લાહ તે અમે નથી પરંતુ બીજા લોકો છે.''

ઈબ્ને ઝિયાદ(લ.અ.)એ કહ્યું ''જોયું ! ખુદાએ એહલેબૈત(અ.મુ.સ.)ની સાથે શું કર્યુ?''

જનાબે ઝયનબ(સ.અ.)એ કહ્યું ''આ તે લોકો છે કે જેના માટે ખુદાએ શહાદત નિર્માણ કરી દીધી હતી. આથી તેઓ પોતાની આરામગાહો પર મોટા દિલ સાથે ચાલ્યા ગયા છે અને મેં ભલાઇ સિવાય કાંઇ નથી જોયું. ખુદા તને અને તેઓને જમા કરશે, તું તેનો વિરોધ કરીશ ત્યારે જોજે ખુશનસીબ અને સફળ કોણ છે? ઈબ્ને મરજાના તારી માં તારા ગમમાં બેસે.''

આ રીતે બિન્તે અલી(અ.સ.)એ હિંમત અને બહાદુરીપૂર્વક પોતાના ખુત્બાથી ઈબ્ને ઝિયાદ(લ.અ.)ને લોકોની વચ્ચે ઝલીલ કરી દીધો, એહલેબૈત(અ.મુ.સ.) ઉપર કરવામાં આવેલ ઝુલ્મોથી પર્દો ઉઠાવી દીધો, કુફીઓના વિચારોમાં ઈન્કેલાબ પૈદા કરી દીધો અને તેઓ પોતાના કરતૂતો ઉપર શરમીંદા થયા.

જનાબે ઝયનબ(સ.અ.)ના કરબલા પછી બે જ મકસદો હતા એક તો એહલેબૈત(અ.મુ.સ.)ની અઝમતને લોકો સામે બયાન કરવી અને એહલેબૈત(અ.મુ.સ.) ઉપર થયેલ ઝુલ્મોને લોકો સુધી જાહેર કરવા. જયારે આ જવાબદારી પૂર્ણ થઇ ગઇ. લોકો સુધી હઝરત ઈમામ હુસૈન(અ.સ.) અને તેમના વફાદાર અસ્હાબની શહાદતની ખબર જાહેર થઇ ગઇ. કુફા, શામ, કરબલા અને મદીનામાં સફે અઝા બિછાવવામાં આવી, અઝાદારીની બુનિયાદ મજબૂત થઇ ગઇ, મલકુતના પરવરદિગારની મુલાકાતનો સમય આવી ગયો, ત્યારે આપ(સ.અ.) મુકદ્દસ હસ્તી ખુદાની બારગાહમાં મુકદ્દસ ફરિશ્તાઓના ઝરીએ જઇ પહોંચ્યા.

આજે પણ શામનું શહેર સૈયદા ઝયનબ(સ.અ.)ના નામથી ગુંજી રહ્યું છે અને આપના ગુંબજની સાથે લહેરાઇ રહેલો પરચમ આજે એ જાહેરાત કરી રહ્યો છે કે આ એ રસૂલ(સ.અ.વ.)ની નવાસીનું મઝાર છે જેણે શામ અને કુફા ઉપર વિજય મેળવ્યો.

જનાબે ઝયનબ(સ.અ.)ની અઝીમ કુરબાનીઓને કયારેય પણ ઈસ્લામ ભુલાવી શકશે નહી. તેમની શહાદત એક અઝીમ શહાદત છે અને આ દિવસ ખૂબજ મુસીબતનો દિવસ છે.

### * જનાબે ઝયનબ(સ.અ.) ની શહાદત દિવસ પર ઈમામે ઝમાનાનું રૂદન :

ખસાઈસે ઝયનબીયહના સંકલનકર્તા આયતુલ્લાહ સૈયદ નુરૂલ્લાહ જઝાએરીએ કિતાબ અલ કિબ્રીયતુલ અહમરમાં જનાબ શૈખ મોહમ્મદ બાકિર નાઈનીના ઝરીએ આ વાકેઓ નક્લ કર્યો છે:

જ્યારે હું નજફે અશરફના હૌઝે ઈલ્મીયહમાં ઈલ્મ હાંસિલ કરી રહ્યો હતો, ત્યારે મેં એક મુત્તકી અને પારસા (પરહેઝગાર) સૈયદને જોયા કે જેમને લખતા–વાંચતા નહોતુ આવડતું. એક દિવસ તેમણે હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના હરમમાં ઝિયારત દરમિયાન એક તુર્કી ઝાએરને જોયો કે જે હરમના એક ખૂણામાં કુરઆને કરીમની તિલાવતમાં મશ્ગુલ હતો. આ દ્રશ્ય જોઈને તે પરહેઝગાર સૈયદ ઉપર ખૂબ જ અસર થઈ. પોતાના દિલમાં જ તેમણે કહ્યું ‘‘આ તુર્કી આટલી સારી રીતે કુરઆને કરીમની તિલાવત કરી રહ્યો છે અને આ તો તારા જદ્દ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની કિતાબ છે અને તું આ કિતાબની તિલાવતથી મહરૂમ છે. ત્યારબાદ તેઓ દિવસના અમુક ભાગમાં ઝાએરીનને પાણી પીવડાવવામાં પસાર કરતા હતા અને થોડો સમય લખવા–વાંચવામાં પસાર કરતા હતા. મહેનત કરતા–કરતા એ મંઝિલ સુધી પહોંચી ગયા કે આયતુલ્લાહ મીર્ઝા મોહમ્મદ હસન શિરાઝી (૧૩૧૩)ના દર્સે ખારીજમાં શિરકત કરવા લાગ્યા અને ઈજતેહાદના દરજ્જે પહોંચી ગયા.

આ પરહેઝગાર જલીલ સૈયદનું બયાન છે કે મેં એક વાર સ્વપનમાં હઝરત વલીએ અસ્ર સાહેબુઝ્ઝમાન(અ.ત.ફ.શ.)ને જોયા, આપ અત્યંત ગમગીન હતા અને મુબારક આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા.

હઝરતની ખિદમતમાં હાજર થયો, સલામનો શરફ નસીબ થયો. આ ગમ અને ગિર્યાનુ કારણ પુછ્યું. આપે ફરમાવ્યું ‘‘આજ મારા ફુફી જનાબે ઝયનબ(સ.અ.)ની શહાદતનો દિવસ છે. આજના દિવસે આસમાનમાં મલાએકા જનાબે ઝયનબ(સ.અ.)ની ફર્શે અઝા બીછાવે છે અને જનાબે ઝયનબ(સ.અ.)ના ખુત્બાઓ પઢીને ગિર્યા કરે છે. જ્યાં સુધી હું તેઓને ત્યાં જઈને તસલ્લી (સાંત્વન) નથી આપતો, ત્યાં સુધી તેમના ગિર્યા અને બુકા જારી રહે છે.’’

*– ઝયનબે કુબરા(સ.અ.), સૈયદ અબુલ કાસિમ દીબાજી, પે. ૨૨૦*

---

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com